# સ્પોટ ફિક્સીંગ કેસમાં ચાર્જશીટ આજકાલમાં

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હી પોલીસ આઈપીએલ-૬માં સ્પોટ અને મેચ ફિક્સીંગ કૌભાંડમાં તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરવાની તૈયારી કરી ચૂકી છે. આ પ્રથમ ચાર્જશીટમાં ડી કંપની, ત્રણ ક્રિકેટરોના નામનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવનાર છે. મકોકા સહિત ખૂબ જ કઠોર કાયદા હેઠળ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવનાર છે તેમાં ત્રણ ક્રિકેટરો એસ શ્રીસંત, અજીત ચંડીલા, અંકિત ચૌહાણ, અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહીમ, છોટા શકીલ અને અન્ય ૨૬ બુકીઓ અને ફિક્સરોના નામનો ઉલ્લેખ કરવામાં આવનાર છે. નજીકના સૂત્રોએ કહ્યું છે કે દરેક વ્યક્તિની ભૂમિકાના



મામલામાં બીસીસીઆઈ પાસે અંતિમ પ્રમાણિકતાની ચકાસણી કરવામાં આવી રહી છે. હાલમાં ત્રણ ક્રિકેટરો અને ૧૯ અન્ય આરોપીઓ જામીન ઉપર છે. દિલ્હી પોલીસના સૂત્રોએ કહ્યું છે કે તેમની ચાર્જશીટમાં ક્રિકેટરો અને અંડરવર્લ્ડ સહિત તમામ સામે ખૂબ જ નક્કર પુરાવા રજૂ કરવામાં આવનાર છે જેમાં ટેપ કરવામાં આવેલી વાતચીત, તેમની સાંબંધિત ઓવરોમાં બિન જરૂરી રીતે રન આપવાના ખેલાડીઓના વિડીયો અને બુકીઓ અને ફિક્સરો સાથે મિટીંગોની વિગતો અને સીએફએસએલના અહેવાલ ઉપરાંત જુદી જુદી હોટલોના સીસી ટીવી ફોટાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત વોઈસ સેમ્પલ પણ રજૂ કરવામાં આવનાર છે. દિલ્હી પોલીસના સૂત્રોએ કહ્યું છે કે તેમની પાસે ત્રણ ક્રિકેટરોની કબૂલાત અંગેની વિગત પણ છે. આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં ઘણા બુકીઓએ પણ પોતાની કબૂલાત કરી દીધી છે જેમાં ૨૦થી ૬૦ લાખ રૂપિયાની રેન્જની રકમનો પણ સમાવેશ થાય છે. એક ઓવરમાં ૧૪ અથવા વધુ રન આપવા બદલ ૨૦થી ૬૦ લાખ રૂપિયાની આપવાની બાબતનો ઉલ્લેખ છે. પોલીસનું કહેવું છે કે તેમની પાસે ફોનના લોકેશન, સ્પેશિયલ સેલની ટીમ દ્વારા પાડવામાં આવેલા ફોટોગ્રાફ સહિત ત્રણ ક્રિકેટરો સામે સંજોગ અંગેના પણ પુરાવા છે. મુંબઈ, ચંદીગઢ, જયપુર અને અન્ય સ્થળ ઉપર તેમના જુદા જુદા લોકો સાથે ફોટાઓ પણ રજૂ કરવામાં આવનાર છે. અન્ય પુરાવા પણ એકત્રિત કરવામાં આવી ચૂક્યા છે જેમાં બે ક્રિકેટરોના નિવેદનનો સમાવેશ થાય છે. સીઆરપીસીની કલમ ૧૬૪ હેઠળ સિદ્ધાર્થ ત્રિવેદી અને હરમિતસિંહના નિવેદન પણ સામેલ છે. ઉપરાંત રાજસ્થાન રોયલ ટીમના માલિક રાજકુન્દ્રાના નિવેદન અને બીસીસીઆઈના અધિકારીના નિવેદનનો પણ સમાવેશ થાય છે. નિષ્ણાંતોનું કહેવું છે કે ભારતમાં પ્રથમ આ કૌભાંડ છે જેમાં પોલીસ વિભાગ ચાર્જશીટ દાખલ કરનાર છે. ૧૫મી મેના દિવસે આ કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એ વખતે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા સ્પોર્ટ ફિક્સીંગ માટે નાણાં લેવા બદલ રાજસ્થાન રોયલ્સના ત્રણ ક્રિકેટરોની ધરપકડ કરી લેવામાં આવી હતી. આઈપીએલ-૬માં પાંચમી, નવમી અને ૧૫મી મેના દિવસે રમાયેલી ક્રમશ પૂણે વોરિયર્સ, કિંગ્સ ઈલેવન પંજાબ અને મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચો ફિક્સ કરવામાં આવી હતી. આ મેચોમાં આરઆરના ખેલાડીઓએ બિનજરૂરી રીતે રન આપ્યા હતા. ઝડપાયેલા ક્રિકેટરોને બીસીસીઆઈએ કઠોર કાર્યવાહી કરીને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરી દીધા હતા. કલમ ૪૨૦, ૧૨૦-બી, મકોકો હેઠળ આ ક્રિકેટરો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ તમામ કલોમોમાં કઠોર સજાની જોગવાઈ રહેલી છે.

## આરબીઆઈએ ૨૨ બેંકો ઉપર રૂા. ૪૯.૫ કરોડનો દંડ ફટકાર્યો

મુંબઈ, તા. ૧૫

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સોમવારે રૂપિયા ૪૯.૫ કરોડનો દંડ ૨૨ બેંકો ઉપર ફટકાર્યો હતો. આ બેંકોમાં પ્રાઈવેટ તથા પબ્લિક સેક્ટરની બેંકોનો સમાવેશ થાય છે. આ બેંકોમાં એસબીઆઈ, પંજાબ નેશનલ બેંક અને યસ બેંકને તમારા ગ્રાહકોને જાણો (ક્નો યોર કસ્ટમર) અને એન્ટિ મની લોડ્રિંગનાં નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક કે સીટી બેક અને સ્ટાન્ડર્ડ ચાર્ટર બેંક સહિતની બેંકનો ચેતવણી આપતો એક પત્ર પણ પાઠવ્યો છે.

નોંધનીય છે કે રિઝર્વ બેંક દ્વારા આ પગલું બેંકો દ્વારા કરવામાં આવતી ગડબડ એક ઓનલાઈન પોર્ટલ બહાર લાવ્યા બાદ લેવામાં આવ્યું હતો. નોંધનીય છે કે પોર્ટલ દ્વારા બેંકોનાં કૌભાંડનો પર્દાફાશ કરાયા બાદ આ તમામ બેંકોની તપાસ રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવી હતી, જેમાં આ બેંકો દ્વારા કેટલીક મોનેટરી પોલીસીનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. સ્ટેટ બેંક, બેંક ઓફ ઈન્ડિયા, કેનેરા બેંક, બેંક ઓફ બરોડા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીસ બેંક અને ફેડરર બેંક ઉપર રૂા. ૩ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા, લક્ષ્મી વિલાસ બેંક, પંજાબ નેશનલ બેંક, જમ્મુ એન્ડ કાશ્મીર બેંક અને આંધ્ર બેંક ઉપર રૂા. ૨.૫ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે રૂા. ૨ કરોડનો દંડ યસ બેંક, વિજયા બેંક, ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સ અને ધનલક્ષ્મી બેંક પર લગાવવામાં આવ્યો છે. આ સિવાય ડેવલોપમેન્ટ ક્રેડિટ બેંક, આઈએનજી વ્યાસ બેંક, કોટક મહેન્દ્રા બેંક અને રત્નકાર બેંક પર પણ દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સિટી બેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર બેંક, બાર્સલ્યાસ બેંક, બીએનપી પરિબાસ, વર્લ્ડ બેંક ઓફ સ્કોટલેન્ડ, બેંક ઓફ ટોક્યો, મિત્સ્યુબીસી અને સ્ટેટ બેંક ઓફ પટિલાયાલાને એક ચેતવણી લેટર લખ્યો છે. નોંધનીય છે કે ઓનલાઈન પોર્ટર કોબરા પોસ્ટ દ્વારા બેંકોનાં કૌભાંડ અંગેનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દ્વારા કુલ ૧૦.૫ કરોડનો દંડ પ્રાઈવેટ સેક્ટરની બેંકો જેવી કે એક્સિસ બેંક, એચડીએફસી બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક પર લગાડવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આ બેંકો વિરૂદ્ધમાં પ્રાથમિક ધોરણે થયેલી તપાસમાં કૌભાંડ અંગેનાં કોઈપણ પ્રકારનાં દસ્તાવેજો મળી આવ્યા નથી. આરબીઆઈએ આ અંગે જણાવ્યું હતું કે આ તમામ બેંકો પર હાલમાં લગાવવામાં આવેલો આરોપ ટેક્સ અને એન્ફોર્સમેન્ટ એજન્સીની સંપૂર્ણ તપાસ બાદ જ દૂર કરવામાં આવશે.

## અમરનાથ શિવલિંગ સંપૂર્ણ ઓગતાં શ્રદ્ધાળુ ભારે નિરાશ

જમ્મુ,તા. ૧૫

અમરનાથ યાત્રાના શ્રદ્ધાળુઓ માટે નિરાશાજનક સમાચાર છે. કારણ કે અમનરનાથની પવિત્ર ગુફામાં કુદરતી રીતે બનતા બરફનું શિવલિંગ સંપૂર્ણપણે ઓગળી ગયું છે. અમરનાથ યાત્રા પૂર્ણ થાય તેના ૩૮ દિવસ પહેલા જ શિવલિંગ સંપૂર્ણપણે ઓગળી ગયું છે. વહીવટી તંત્રના અધિકારીઓમાં પણ આને લઈને ચિંતાનું મોજું ફળી વળ્યું છે. અમરનાથ યાત્રા આ વર્ષે ૨૮મી જૂનના દિવસે શરૂ થઈ હતી અને ૨૧મી ઓગસ્ટના દિવસે નિર્ધારિત સમય મુજબ અમરનાથ યાત્રા પરિપૂર્ણ થનાર છે. આશરે બે લાખ શ્રદ્ધાળુઓ હજુ સુધી અમરનાથની ગુફામાં શિવલિંગના દર્શન કરી ચૂક્યા છે. શ્રદ્ધાળુઓના પ્રવાહને પણ આને લીધે માઠી અસર થાય તેવી શક્યતા છે. કારણ કે બરફનું શિવલિંગ સંપૂર્ણપણે ઓગળી ગયું છે.

વાર્ષિક અમરનાથ યાત્રાની શરૂઆત પહેલા આશરે ૪૦ ટકા જેટલું બરફનું શિવલિંગ ઓગળી ગયું હતું. આ વર્ષે શિવલિંગ આઠ ફૂટ લાંબુબન્યું હતું. શિવલિંગ ઓગળી જવાના સમાચારથી શ્રદ્ધાળુઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. શિવલિંગ ઓગળી જવાના નક્કર કારણો હજુ સુધી આપવામાં આવ્યા નથી પરંતુ ગ્લોબલ વોર્મિંગ અથવા તો શ્રદ્ધાળુઓની વધારે પડતી ઉપસ્થિતિના પરિણામ સ્વરૂપે આ અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. અમરનાથની ગુફાની અંદર પૂરતી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ હાલમાં તૈનાત કરવામાં આવ્યા છે. બે લાખ શ્રદ્ધાળુઓ હજુ સુધી દર્શન કરી ચૂક્યા છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩૮૮૦ મીટરની ઊંચાઈએ આવેલી અમરનાથની ગુફામાં શિવલિંગના દર્શન માટે બે પરંપરાગત રૂટ બલતાલ અને પહેલગામ બેઝ કેમ્પથી યાત્રા ચાલી રહી હતી. ઉત્તર કાશ્મીરના બલતાલ બેઝકેમ્પથી અંતર ૧૪ કિલોમીટરની આસપાસ છે જ્યારે એ જ દિવસે શ્રદ્ધાળુઓ દર્શન બાદ પરત ફરી શકે છે. બીજી બાજુ દક્ષિણ કાશ્મીરમાં પરંપરાગત રૂટ ૪૫ કિલોમીટર લાંબો છે જે ચંદનવાડી, શેષનાગ અને પંચતારીની માર્ગથી પસાર થાય છે.

## કેટલીક મહત્વની દવાઓ માટે કેન્દ્ર સરકાર લાઈસન્સ આપશે

નવીદિલ્હી, તા. ૧૫

એક નવા વિધેયકમાં દરખાસ્ત કરવામાં આવી છે કે ૧૭ નિર્ણાયક કેટેગરી હેઠળ ઉત્પાદિક દવાઓ માટેની લાઈસન્સ ફક્ત કેન્દ્ર સરકાર દ્વારા જ આપવામાં આવશે. આ બિલ સેન્ટ્રલ ડ્રગ્સ એથોરીટીની પણ સ્થાપના કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે જે કેન્દ્રિય તથા રાજ્યનાં ડ્રગ કંટ્રોલર્સ માટે એપેલિટ બોડી તરીકે કામ કરશે.

ડ્રગ્સ અને કોસ્મેટીક બિલ ૨૦૧૩ની રચનાને ગત ગુરૂવારે કેન્દ્રિય કેબિનેટ દ્વારા મંજુરી આપવામાં આવી હતી. તેવું સૂત્રોએ જણાવ્યું હતું. આરોગ્ય મંત્રાલય આ બિલને સંસદમાં ચોમાસુ સત્ર દરમિયાન મંજુરી માટે રજૂ કરે તેવી શક્યતા છે. સુચિત વિધેયક ૨૦૦૮માં સુધારવામાં આવેલા ડ્રગ અને કોસ્મેટીક એક્ટ ૧૯૪૦નું સ્થાન લેશે અને તેમાં ક્લિનિકલ ટ્રાયલ્સ તથા મેડિકલ ડિવાઈસીસ પર અલગ પ્રકરણ હશે. જે કોઈપણ નિયમભંગનાં કિસ્સામાં ચોક્કસ દંડની જોગવાઈ ધરાવશે.

આ વિધેયક પાછળનો હેતુ દવા તથા કોસ્મેટિકનાં વિવિધ પાસાને આવરી લેતો સમાવેશ કાયદો લાવવાનો છે. જેમાં મેડિકલ ટ્રાયલ્સ તથા મેડિકલ ઈક્વિમેન્ટ સેક્ટરનો સમાવેશ થાય છે. તેવું આરોગ્ય મંત્રાલયનાં અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે તેઓ સ્થાનિક દવા ઉત્પાદક ઉદ્યોગને મજબુત કરવામાં મહત્વનું લક્ષ્ય ધરાવે છે. ક્લિનિકલ ટ્રાયલ્સ દરમિયાન ઈજા તથા મૃત્યુનાં સંજોગોમાં વળતર આપવા માટેનાં નિયમોનો અલગ સમુહ સ્થાપવાની દરખાસ્ત કરે છે તથા તેમાં કાયદાનાં ભંગ બદલ દંડ અથવા જેલની સજાની પણ જોગવાઈ છે. તેમાં કાયદા હેઠળ મેડિકલ સાધનોને પણ આવરી અને તેના માટે કાયદાનાં પણ અલગ માળખાની દરખાસ્ત પણ છે.

નવા વિધેયક હેઠળ ફક્ત સેન્ટ્રલ ડ્રગ સ્ટાન્ડર્ડ કંટ્રોલર ઓર્ગેનાઈઝેશન જીવન રક્ષક દવાઓ, રસીઓ અને ડિએનએ પ્રોડક્ટ સહિતની ૧૭ નિર્ણાયક કેટેગરી હેઠળ ઉત્પાદિત દવાઓ માટેનું લાઈસન્સ આપવાની સત્તા ધરાવતું રહેશે. આ વિધેયક કાયદો બનશે પછી રાજ્યનાં ડ્રગ કંટ્રોલર પાસે આ કેટેગરીની દવાઓ માટે લાઈસન્સ આપવાની સત્તા રહેશે નહીં.

## સમાચાર ઝલક

- હજુ ઉત્તરાખંડમાં ૫,૪૭૮ શ્રદ્ધાળુઓ લાપત્તા! આજના દિવસ પછી મૃત જાહેર થશે.
- સાબરકાંઠા જિલ્લા સહકારી બેંકે સાબર લક્ષ્મી ડીપોસીટ યોજના અમલમાં મૂકી.
- હજયાત્રા દરમિયાન માસ્ક પહેરવાની સલાહ.
- તિહાર જેલમાં હિન્દુ કેદીઓ રોજા રાખે છે.
- યુવા પેઢી વિકૃતિ-સેક્સ તરફ આકર્ષિત થઇ રહી છે : એક સર્વે રિપોર્ટ.
- અમદાવાદ રેલ્વેએ ૩૬૦૦ ખૂદાબક્ષો પાસેથી ૨ કરોડ રૂપિયા વસૂલ્યા.
- જગદગુરૂ શંકરાચાર્યજી ચાતુર્માસ પશ્ચિમ બંગાળના હુબલી ખાતે ગાળશે.
- હોલીવુડની સુપરસ્ટાર અભિનેત્રી સાન્દ્રા બુલોક પુત્રની સંભાળમાં વ્યસ્ત બની.
- છત્રીસગઢના પોલીસ કર્મીઓને જંગલમાં યુદ્ધની તાલીમ અપાશે.
- ઉનાના ગીરગઢડામાં બોરમાંથી ગરમ પાણી નીકળતાં આશ્ચર્ય, લોકો દાઝ્યા, ફોલ્લા પડ્યા.
- ભારતમાં મેટ્રો શહેરોમાં અમદાવાદ સૌથી સસ્તુ શહેર.
- જેસલમેરમાં અરબી ખજૂરનો પાક તૈયાર, ખજૂરનું વૃક્ષ ૭૦ વર્ષ સુધી ફળ આપે છે.
- બે દિવસથી મેઘમહેર યથાવત, પાકને જીવનદાન, સૌરાષ્ટ્રમાં ૧૮ ડેમોમાં નવાં પાણીની આવક.
- પાંચ રાજ્યોની સાથે જ લોકસભાની ચૂંટણીના સંકેતો, આ વર્ષનાં અંતે યોજાશે.
- ૬ મહિનામાં ૬૧ દવાઓ ગુણવત્તા વગરની સાબિત થઇ ભયાનક સ્થિતિ.
- ઘટતી માંગને ધ્યાનમાં રાખીને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા પ્લાન્ટ આઠ દિવસ બંધ રહેશે.
- કે.વાય.સી.ના ઉલ્લંઘન માટે રીઝર્વ બેંક ૨૨ બેંકોને નોટીસ ફરક્યો.
- મોંઘવારીનો આંકમાં જૂનમાસમાં વધ્યો.
- ખેરાળુમાં દૂધ ઉત્પાદકોએ ડેરી સામે બાંયો ચઢાવી.
- મુંબઇમાં વેપારીઓએ બે દિવસનું બંધનું એલાન આપ્યું.
- ચીનની ભારતીય સરહદમાં ઘૂષણખોરી તથા તોડફોડ.

## સંઘ પર પ્રતિબંધની માયાની માંગણીથી ભાજપ ખૂબ ખફા

નવી દિલ્હી,તા. ૧૫

આરએસએસ અને વિશ્વ હિંદુ પરિષદ ઉપર પ્રતિબંધ મૂકવાની બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી દ્વારા માંગ કરવામાં આવ્યા બાદ ભાજપે આજે જોરદાર ઝાટકણી કાઢી હતી. માયાવતીની ઝાટકણી કાઢતા ભાજપે કહ્યું છે કે માયાવતી બિનજરૂરી વિવાદ છેડી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને રાજ્ય ભાજપના પ્રમુખ લક્ષ્મીકાંત વાજપેયીએ કહ્યું છે કે માયાવતી ઉત્તર પ્રદેશમાં તેમની સ્થિતિ નબળી પડ્યા બાદ હવે હચમચી ઉઠ્યા છે જેથી તેઓ આ પ્રકારના વાહિયાત નિવેદનો અને માંગણી કરી રહ્યા છે. આરએસએસ અને વિહિપ ઉપર પ્રતિબંધ મૂકવા યુપીએ સરકાર ઉપર દબાણ લાવવા વાજપેયીએ માયાવતી ઉપર ખુલ્લો પડકાર ફેક્યો હતો અને કહ્યું હતું કે જો તેઓ આ વાત કરી શકતા નથી તો માયાવતીએ યુપીએ સરકારને તેમનો ટેકોપાછો ખેંચી લેવો જોઈએ. તેમનેકહ્યું હતું કે માયાવતીને આ વાત યાદ રાખવીજોઈએ કે તેઓ ભાજપ અને આરએસએસની મદદથી જ એક વખતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી બન્યા હતા. ભાજપ નેતાએ એમ પણ કહ્યું હતું કે માયાવતી તેમની તરફેણમાં મુસ્લિમ મતોને ખેંચવાના હેતુસર આ પ્રકારની માંગણી કરી રહ્યા છે. તેઓ અમને કોમવાદી કહી રહ્યા છે પરંતુ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી સહિતની તમામ પાર્ટીઓ લઘુમતી મતને ખેંચવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. વિશ્વ હિંદુ પરિષદે પણ આક્ષેપ કર્યો હતો કે માયાવતી લઘુમતીઓમાં તેમની મત બેંકમાં કટ્ટરપંથીઓને ખુશ કરવા આરએસએસ, બજરંગદળ અને વિશ્વહિંદુ પરિષદ ઉપર પ્રતિબંધ મૂકવાની માંગ કરી રહ્યા છે. વિશ્વ હિંદુ પરિષદના પ્રવકતા શરદ શર્માએ કહ્યું છે કે અમારા દ્વારા કરવામાં આવેલા સારા કામ ઉપર માયાવતી નજર કરી રહ્યા નથી. માયાવતીને માત્ર લઘુમતી મત બેંક ખોરવાઈ જવાની ચિંતા છતાવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે માયાવતીએ ગઈકાલે એવી માંગ કરી હતી કે કેન્દ્ર સરકારે વિશ્વ હિંદુ પરિષદ, આરએસએસ અને બજરંગ દળ ઉપર પ્રતિબંધ મૂકી દેવાનીજરૂર છે. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં જાતિય આધારિત રેલી ઉપર પ્રતિબંધ મૂકવાનો અલ્હાબાદ હાઈકોર્ટનો નિર્ણય સન્માન કરવા લાયક છે પરંતુ તેમની પાર્ટી સર્વ સમાજ સદ્ભાવનાના બેનર હેઠળ જાતિ આધારિત આવી રેલી યોજશે.

## કપાસની નિકાસમાં ૩૬ ટકા સુધીનો મોટો ઘટાડો

નવી દિલ્હી ,તા. ૧૫

ભારતની કોટનની નિકાસને જૂન સુધીમાં ૩૬ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. વર્તમાન માર્કેટિંગ વર્ષના જૂનમાં પૂરા થયેલા પ્રથમ ૧૧ મહિનામાં કોટનની નિકાસ ૩૬ ટકા ઘટીને ૯.૧૪ મિલિયન બેલ્સ થઈ ગઈ છે. કોટન અથવા કપાસની નિકાસમાં ઘટાડો થવા માટે કેટલાક કારણોને જવાબદાર ગણવામાં આવે છે. વેપારી સૂત્રોએ કહ્યુ છે કે નિકાસમાં તાજેતરમાં ફરી એકવાર વધારો થયો છે. કોટન કોર્પોરેશન ઓફ ઇન્ડિયાની હરાજીમાં મોટી કારોબારી કંપનીઓ દ્વારા ખરીદી ફરી શરૂ થતા તેજી ફરી શરૂ થઈ રહી છે. ડોલર સામે રૂપિયો ઘટી જતા તેની માઠી અસર નિકાસ પર થઈ છે. દેશની ૨૦૧૧-૧૨ના માર્કેટિંગ વર્ષના ઓગસ્ટ-જૂનના ગાળામાં કપાસની ૧૩.૯૧ મિલિયન બેલ્સની નિકાસ થઈ હતી. જે હવે ઘટી ગઈ છે. જૂનના અંત સુધી નિકાસનો આંકડો ૯.૧ મિલિયન બેલ્સ સુધી પહોંચ્યો હતો. આંકડાઓ દર્શાવે છે કે કપાસની નિકાસને વધારવા માટે હાલમાં પગલા લેવામાં આવ્યા છે. ચીન, બાંગ્લાદેશ, વિયેતનામ જેવા દેશો કપાસની નિકાસ માટેના મુખ્ય બજારો રહ્યા છે. દેશમાં સ્થાનિક વપરાશ આ વર્ષે ૨૮.૫૬ મિલિયન્સ બેલ્સ રહે તેવી શક્યતા છે. સ્થાનિક માંગ મજબુત રહી શકે છે.

### પેટ્રોલની કિંમતમાં ભાવ વધારા પર અંકુશ જરૂરી

ડીએમકેના વડા અને તમિળનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કરુણાનિધીએ આજે માંગ કરી હતી કે પેટ્રોલની કિંમત પર અંકુશ મુકવા અંગે વારંવારના સૂચનો તરફ કેન્દ્ર સરકાર ધ્યાન આપી રહી નથી. કેન્દ્ર સરકારની ભાવ વધારાના મામલે જોરદાર ઝાટકણી કાઢતા કરૂણાનિધિએ કહ્યુ હતુકે સરકારે તાત્કાલિક ધોરણે કેટલાક રચનાત્મક પગલા લઈને ભાવ વધારાના સિલસિલાને બંધ કરવો જોઈએ. એક નિવેદનમાં૯૦ વર્ષિય કરૂણાનિધિએ કહ્યુ હતુકે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ભાવ વધારાના મામલે અંકુશ મુકવા કેટલાક પગલા જરૂરી બની ગયા છે. હાલમાં જ ઝીંકવામાં આવેલા ભાવવધારાની ટીકા કરતા તેમણે કહ્યુ હતુકે આનાથી તીવ્ર મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો પર વધુ બોજ પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારના દિવસે પેટ્રોલની કિંમતમાં લોકલ સેલ્સટેક્સ અને વેટ સિવાય ૧.૫૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

## ઈન્ડોનેશિયામાં ભાગદોડથી ૧૮ના મોત : ઘણાં ઈજાગ્રસ્ત

જાકર્તા,તા. ૧૫

પૂર્વીય ઈન્ડોનેશિયાના પાપુઆ પ્રદેશના નાબીરે શહેરમાં એક બોક્સિંગ મેચ દરમિયાન સ્થાનિક બોક્સિંગ ખેલાડીની હારને લઈને વ્યાપક હિંસા ભડકી ઊઠી હતી. આ હિંસામાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. પોલીસે આજે સવારે માહિતી આપતા કહ્યું હતું કે મૃત્યુ પામેલાઓમાં મોટાભાગની મહિલાઓ પણ સામેલ છે. આજે વહેલી પરોઢે આ ભાગદોડનો બનાવ બન્યો હતો. નાબીરે શહેરના કોટાલામા સ્ટેડિયમમાં બહાર નીકળવાના બે રસ્તાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. સ્ટેડિયમમાં ૧૫ હજારથી વધુ લોકો હતા. પાપુઆ પ્રાંતના પોલીસ અધિકારી લેપ્ટી કર્નલનું કહેવું છે કે સ્ટેડિયમમાં બુપાતી કપ અથવા રિઝેન્ટ કપની મહત્વની મેચ હતી. નિર્ણાયકોએ જ્યારે એક ખેલાડીની તરફેણમાં પોઈન્ટ આપ્યા ત્યારે બીજા ખેલાડીના સમર્થકોએ નિર્ણાયકો ઉપર ખુરશીઓ ફેંકીને તોફાનની શરૂઆત કરી દીધી હતી. જવાબમાં વિજેતા ખેલાડીના સમર્થકોએ પણ બોટલો અને તૂટેલી ખુરશીઓ ફેંકવાની શરૂઆત કરી દીધી હતી

જેના પરિણામ સ્વરૂપે સ્ટેડિયમમાં અફડા તફડી મચી ગઈ હતી. આ અફડા તફડી વેળા જ ભાગદોડનો બનાવ બન્યો હતો જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળક ઘાયલ થયા હતા. માર્યા ગયેલા ૨૦ લોકોમાં ૧૨ મહિલાઓનો સમાવેશ થાય છે. અન્ય ૪૦ ચાહકો આ ભાગદોડના બનાવમાં ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તો પૈકી પણ ઘણાની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ઈન્ડોનેશિયામાં આ બનાવ બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરાઈ છે.

## મૃતકોના પરિવારજનોને સહાયતા આપવાની કવાયત શરૂ કરાશે

દહેરાદૂન, તા. ૧૫

ગત ૧૬-૧૭ જૂનના રોજ ઉત્તરાખંડમાં આવેલા વિનાશક પુરે હજારો લોકો મૃત્યુ પામ્યા હતા અને લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. આ ઘટનાને આજે એક મહિના જેટલો સમય વીતી જતાં સરકાર દ્વારા ઉત્તરાખંડના કુદરતી કોપમાં લાપત્તા એવા ૫૭૨૮ લોકોને મૃત જાહરે કરીને તેમના પરિવારજનોને આર્થિક સહાય આપવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઉત્તરાખંડ સરકાર દ્વારા અગાઉ ૫૮૦ લોકોને મૃત જાહરે કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના લોકો આ ઘટનાનો સૌથી વધુ ભોગ બન્યા હતા. ઉત્તરપ્રદેશના ૨૦૯૮ લોકોનો હાલમાં કોઈ જ પત્તો નથી. જ્યારે મધ્યપ્રદેશના ૧૦૩૫, અને ઉત્તરાખંડના ૯૨૪ લોકો હજુ પણ લાપત્તા છે.

મુખ્યમંત્રી વિજય બહુગુણાના જણાવ્યાનુસાર હાલના તબક્કે આ તમામ લાપત્તા લોકોના પરિવારજનોને સહાય આપવામાં આવશે. પરંતુ આ લાપત્તા લોકોને શોધવાનું મિશન તો રાજ્ય દ્વારા ચાલુ જ રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભોગ બનનારાઓના ફોટાના આધારે તેઓની શોધખોળ રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં અને અન્ય બીજી જગ્યાઓ ઉપર શોધખોળ કરવામાં આવશે.

વિજય બહુગુણાએ વળતર બાબતે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, સરકાર દ્વારા મૃતકના પરિવારજનોને સહાય આપવા માટેની પ્રક્રિયા ખૂબ જ સરળ બનાવવામાં આવી છે જેથી કરીને મૃતકના પરિવારજનોને વારંવાર સરકારી ઓફિસોના દાદર ચડવા ન પડે.

નોંધનીય છે કે દરેક મૃતકના પરિવારજનોને હાલમાં વડાપ્રધાન રાહત કોષમાંથી રૂપિયા ૨ લાખ તથા રાષ્ટ્રીય આપદાનિધિ ફંડમાંથી રૂ. ૧.૫૦ આપવામાં આવશે. જ્યારે ઉત્તરાખંડ સરકાર રાજ્યના મૃતકોને અલગથી રૂ. ૧.૫૦ આપશે. ભારતીય દંડ સંહિતા અનુસાર ૭ વર્ષ સુધી લાપત્તા રહ્યા બાદ જ કોઈપણ વ્યક્તિને મૃત જાહરે કરવામાં આવે છે. પરંતુ ઉત્તરાખંડ સરકાર દ્વારા ઘટનાના એક મહિના બાદ ૧૫ જુલાઈથી ગુમ થયેલા વ્યક્તિઓને મૃત માનવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે, લાપતા લોકો અંગેનો કાયદો તથા વાસ્તવિકતા કંઈક જુદા જ છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે મૃતકના પરિવારજનોને હાલમાં સહાયતા તો આપવામાં આવશે જ પરંતુ ભવિષ્યમાં મૃતક જો જીવિત હાલતમાં મળી આવે તો આ સહાયતા પરત કરવાની રહેશે. ગુમ થયેલા લોકોની સંખ્યા તેમના પરિવારના સભ્યો દ્વારા ઉત્તરાખંડ અને તેમના મૂળ રાજ્યોમાં કરાવાયેલી નોંધણીના આધારે કરાઈ છે.